## આવતીકાલનો ઉજાસ



ભાવિની અતુલદાન ગઢવી
ધો-૮, બા શ્રી વસંતકુંવરબા કન્યા વિદ્યાલય

અભ્યાસમાં તેજસ્વી અને સ્વભાવે સરળ, નિખાલસ, ઉત્સાહી એવી ભાવિની શાળાની દરેક સ્પર્ધામાં અવારનવાર ભાગ લઈને ઘણી સિદ્ધિઓ પ્રાપ્ત કરીને શાળાનું ગૌરવ વધારે છે. આ ઉપરાંત યોગાનંદ હાઈસ્કૂલ જીઈબી આયોજિત નિબંધ સ્પર્ધામાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે. ઉપરાંત, રામકૃષ્મ પરમહંસ માધ્યમિક શાળા ખાતે આયોજિત વક્તૃત્વ સ્પર્ધા અને ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા સાહિત્ય પર્વ નિમિત્તે આયોજિત વિવિધ સ્પર્ધાઓમાં ઈનામ મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે.

# કોમેડી કિંગ રમેશ મહેતાનું અવસાન

### ગુજરાતી ફિલ્મોને લોકપ્રિયતાની ચરમસીમાએ પહોંચાડી હતી : રાજકોટમાં ૭૮ વર્ષીય કલાકાર, પટકથા લેખક રમેશ મહેતા ઘણા સમયથી બિમાર હતાઃ અવસાનના સમાચાર ફેલાતાની સાથે કલારસિકોમાં આઘાતનું મોજું

અમદાવાદ,તા. ૧૧

ગુજરાતી ફિલ્મ મારફતે કરોડો ચાહકોના દિલો-દિમાંગ ઉપર છવાઈ જનાર હાસ્ય અભિનેતા અને ઓ હો ઉપર લઈ જવામાં રમેશ મહેતાની મુખ્ય ભૂમિકા હતી. રમેશ મહેતાએ પોતાની વિશેષ પ્રકારની કોમેડીથી એક નવી છાપ ઊભી કરી હતી. રમેશ મહેતા આપવામાં આવી રહી હતી. રમેશ મહેતા હાસ્ય અભિનેતાની સાથે સાથે પટકથાકાર અને લેખક પણ હતા. જો કે તેમની બિમારી છેલ્લા ઘણા સમયથી રહી હતી. તેમને હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપવામાં આવ્યા બાદ હાલમાં ઘરમાં જ વિશેષ સારવાર આપવામાં આવી રહી હતી. વિશાળ

| રમેશ મહેતાની યાદગાર ફિલ્મો | |
|---|---|
| હિરણના કાઠે | ૧૯૮૪ |
| મરદનો માંડવો | ૧૯૮૩ |
| ઢોલા મારું | ૧૯૮૩ |
| ઢોલી | ૧૯૮૨ |
| જાગ્યા ત્યારથી સવાર | ૧૯૮૧ |
| મણિયારો | ૧૯૮૦ |
| ગંગા સતી | ૧૯૭૯ |
| સોન કન્સારી | ૧૯૭૭ |
| સંતુ રંગીલી | ૧૯૭૬ |
| ભાદર તારા વહેતા પાણી | ૧૯૭૬ |
| જેસલ તોરલ | ૧૯૭૧ |




હો હો... ના લહેકાના માલિક રમેશ મહેતાનું આજે સવારે રાજકોટમાં અવસાન થતાં ચાહકોમાં આઘાતનું મોજું ફરી વળ્યું હતું. સવારે ૮ વાગે રમેશ મહેતાએ અંતિમ શ્વાસ લીધા હતા. ૭૮ વર્ષના રમેશ મહેતા છેલ્લા કેટલાક સમયથી બિમાર હતા. ગુજરાતી ફિલ્મોને લોકપ્રિયતાની ચરમસીમા માટે જ ફિલ્મ જોવા માટે જતા ચાહકોની પણ મોટી સંખ્યા હતી. ફિલ્મમાં મોટા કલાકારની જેમ જ રમેશ મહેતાની પણ મોટી ભૂમિકા વિતેલા વર્ષોની ગુજરાતી ફિલ્મોમાં જોવા મળતી હતી. રાજકોટ સ્થિત નિવાસ સ્થાને તેમને સારવાર જટિલ બનતા તેઓ બિલકુલ નિષ્ક્રિય થઈ ગયા હતા અને ફિલ્મોમાંથી આઉટ થઈ ગયા હતા. ગુજરાતી હાસ્યના શહેનશા ગણાતા રમેશ મહેતાને શ્વાસ લેવામાં તકલીફ પડી ચાહક વર્ગ ધરાવનાર રમેશ મહેતાના નિધનના સમાચાર મળતાની સાથે જ તેમના સગા સંબંધીઓ અને અન્ય લોકો ઘટના સ્થળે પહોંચવા લાગી ગયા હતા. રમેશ મહેતાએ પોતાની કેરિયર દરમિયાન એકથી એક યાદગાર ફિલ્મોમાં ભૂમિકા ભજવી હતી. રમેશ મહેતાની સાથે મુખ્ય રીતે અભિનેતામાં ઉપેન્દ્ર ત્રિવેદીની જોડી હતી. મોડેથી નરેશ કનોડીયા સાથે પણ રમેશ મહેતાની જોડી જામી હતી. રમેશ મહેતાની જોડી અભિનેત્રીઓમાં પણ ઘણીની સાથે જામી હતી. રમેશ મહેતાની યાદગાર ફિલ્મોમાં હિરણના કાંઠે, મરડનો માડવો, ઢોલા મારુ, ઢોલી, જાગ્યા ત્યારથી સવાર, ગંગા સતી, મણિયારો, સોન કન્સારી, સંતુ લંગીરી, ભાદર તારા વહેતા પાણી, જેસર તોરણનો સમાવેશ થાય છે. રમેશ મહેતાએ અન્ય ઘણા પ્રોજેક્ટોમાં પણ જુદી જુદી રીતે ભૂમિકાઓ ભજવી હતી.

રમેશ મહેતાના અવસાન અંગે તમામ લોકોએ દુખ વ્યક્ત કરીને કહ્યું છે કે ગુજરાતી સિનેમાએ એક મહાન હસ્તી ગુમાવી દીધી છે. રમેશ મહેતાના અવસાન સાથે જ ગુજરાતી સિનેમાનો એક યુગ પૂરો થયો છે. રમેશ મહેતાના અંતિમ સંસ્કાર આજે જ કરવામાં આવી રહ્યા છે.

## કથા, સત્સંગમાંથી જે મેળવ્યું તે વિચારવા માટે બે મિનિટ તમે ક્યારેય ફાળવી ?

ગોવિંદ નામનો એક કઠિયારો હતો, તે જંગલમાં ઝાડ કાપવાની નૉકરી કરતો હતો. આ કામ કરતાં એને પાંચ વર્ષ જેટલો સમય વીતી ગયો છતાં તેનો પગાર વધારવામાં આવતો નહોતો. જ્યારે તેની સાથેનો બીજો કઠિયારો કનૈયો પણ આ જ કામ કરતો હતો પણ આ સમય દરમ્યાન તેનો બે વાર પગાર વધારવામાં આવ્યો હતો. ગોવિંદ ખૂબ સરળ અને સાદો હતો પણ મોંઘવારી એને પણ નડતી હતી. આખરે તેણે તેના શેઠ મંગળભાની આગળ પગાર વધારાની રજૂઆત કરી સાથોસાથો કનૈયો તેના પછી આવ્યો હોવા છતાં તેને પગાર તેનાથી વધુ મળે છે તે ફરિયાદ કરી. શેઠ શ્રી મંગળભાઈએ ગોવિંદને જવાબ આપ્યો, જો ભાઈ ગોવિંદ. મારી આ સંસ્થા કામમાં માને છે. જેવું કામ એવા દામ. કનૈયો તારા કરતાં અનેકગણું વધારે કામ આપે છે તો સ્વાભાવિક પણે એને વધુ પગાર મળે છે. આ સાંભળીને ગોવિંદને કનૈયાએ કહ્યું, હું એક ઝાડ કાપું છું અને પછી બે મિનિટ મારી કુહાડીની ધાર ઘસું છું, જેથી ફરી મારી કુહાડી ધારદાર થઈ જાય છે અને ખૂબ ઝડપથી હું મારું કામ કરી શકું છું. તેં તારી કુહાડીની ધાર ક્યારે ઘસી હતી ? સાંભળતાં જ ગોવિંદની આંખ ઉઘડી ગઈ, તેને તેની ભૂલ સમજાઈ. કારણ તેણે તો કેટલાંય મહિનાઓથી કુહાડીની ધાર ઘસી જ નહોતી જેને કારણે કુહાડી બુઠ્ઠી થઈ ગઈ હતી અને માટે જ તે લાકડું ઝડપથી કાપવા અસમર્થ હતી.

આ તો માત્ર ઉદાહરણ છે. આપણા રાજ્યમાં લાકડા કાપવાની મનાઈ છે. ઉલટાના વધુ વૃક્ષો વાવવાની જાહેરાત થાય છે. પણ આ ઉદાહરણ આપણને એ સમજાવે છે કે ઠેરઠેર સંતો, મહંતો કથા તેમજ સત્સંગ કરે છે, સપ્તાહ બેસાડાય છે, લોકો ખૂબ મોટી સંખ્યામાં ત્યાં ઉમટે છે, ધ્યાનપૂર્વક બધું સાંભળે છે પણ એમાંથી કેટલા કનૈયાની જેમ બે મિનિટ ફાળવે છે પોતે મેળવેલ જ્ઞાનને



લાગ્યું કે હા, વાત તો સાચી છે. અમે બંને કામ સરખા કલાકો કરીએ છીએ જ્યારે મારું કામ ઓછું થાય છે અને કનૈયાનું વધુ.

કનૈયો પણ સ્વભાવે સરળ હતો. તે નિઃસ્વાર્થ પણ હતો. તેને ફક્ત પોતાના કામ સાથે જ મતલબ હતો. ગોવિંદ વિચારતો હતો કે કનૈયાનું કામક કેમ આટલું વધારે આવે છે તે જાણવું જોઈએ. તે કનૈયા પાસે ગયો અને પૂછ્યું, 'ભાઈ કનૈયા, તું રોજના આટલા બધા લાકડા કઈ રીતે કાપી શકે છે ? હું પણ તારા જેટલી મહેનત કરું છું તોય મારાથી તારા જેટલા લાકડા, ઝાડ નથી કપાતા તેનું કારણ હું નથી સમજી શકતો.' વાગોળવા માટે ?

આ વાત વિચારવા જેવી છે નહિતર કથા, સત્સંગમાંથી જે કાંઈ પણ સાંભળ્યું, મેળવ્યું તે કટાઈ જશે અને આપણાં કર્મો પણ યથાવત જ રહેશે. જીવનમાં કોઈ પ્રગતિ થશે નહિ. જેમ ગોવિંદનો પગાર યથાવત જ રહેતો હતો તેમ. આમ ને આમ જીવનની પૂંજી ખતમ થઈ જશે. અને અંત સમયે જ્યારે આંખ ઉઘડશે ત્યારે ખૂબ મોડું થઈ ગયેલ હશે. યાદ કરો, તમે તમારા જીવનમાં ધાર તીક્ષ્ણ ક્યારે કરી ? પોતાની જાતના ઉદ્ધાર માટે કથા, સત્સંગમાંથી જે મેળવ્યું તે વિચારવા માટે બે મિનિટ ક્યારે ફાળવી ?

- લક્ષ્મી વાધવાણી

# ફોટોવૉકર્સ દ્વારા રવિવારે સવારે બે ફોટોવૉક યોજાશે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરમાં કાર્યરત થયેલા ફોટોવૉકર્સ દ્વારા આગામી રવિવારે સવારે બે ફોટોવૉકનું આયોજન કરવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે ફોટોવૉકર્સે ત્રણ જેટલી ફોટોવૉક સફળતાપૂર્વક પૂર્ણ કરી છે અને છેલ્લી બે ફોટોવૉક દરમ્યાન તેમણે લોકોને સ્પર્શતી બાબતોના ફોટોગ્રાફ્સ એકત્ર કરવાનો નિર્ણય કર્યો છે. એ જ પ્રમાણે ફોટોવૉક આગળ ચલાવવાનો એમણે નિર્ણય કર્યો છે ને એ જ ક્રમમાં આગામી રવિવારે બે ફોટોવૉકનું આયોજન કરવામાં આવ્યું છે.

'દેખાતું છતાં અજાણ્યું' એવા રસપ્રદ વિષય અંતર્ગત રવિવારે વહેલી સવારે ૪ કલાકે ફોટોવૉકર્સ સૅક્ટર-૭ના મુખ્ય શૉપીંગ સૅન્ટર પાસે એકત્ર થશે અને ત્યાં અખબાર વિતરણ માટે થતી તૈયારીઓના ફોટોગ્રાફ્સ એકત્ર કરશે.

એ પછી સાતેક વાગ્યે હરિયાળી નગરી એવા ગાંધીનગરમાં ગ્રીષ્મની ઋતુમાં ખીલેલાં સુંદર ફૂલોની તસવીરો લેવાનું આયોજન પણ આ ફોટોવૉકર્સ દ્વારા કરવામાં આવ્યું છે, જેથી નગરનાં અનેક અજાણ્યાં ફૂલોની તસવીરો પણ ગાંધીનગરના નાગરિકો સુધી પહોંચી શકે.

ફોટોગ્રાફીમાં રસ હોય એવા કોઈપણ વ્યક્તિ આ ફોટોવૉકમાં જોડાઈ શકે છે. આ માટે કોઈપણ વ્યક્તિએ કોઈપણ પ્રકારની ફી આપવાની નથી અને ફોટોગ્રાફી માટે કોઈ સ્પેશિયલ કૅમેરાની પણ આવશ્યકતા નથી. ફોટોગ્રાફીનો અનુભવ ન હોય તેવા ફોટોરસિકો પણ આ ફોટોવૉકમાં જોડાઈ શકે છે. સારા ફોટા કઈ રીતે લઈ શકાય, કૅમેરાની કઈ ટૅકનીકનો ઉપયોગ કરી શકાય જેવા ઉપયોગી સૂચનો આ ફોટોવૉક દરમ્યાન પ્રાપ્ત થાય છે.

રસ ધરાવતા સૌ ફોટોરસિકોને આ ફોટોવૉકમાં જોડાવા માટે બેરફૂટ ફોટોવૉકર્સ તરફથી નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

આ અંગેની વધુ વિગતો માટે ફૅસબૂક પર તેમના પેજ **barefootphotowalkers**ની મુલાકાત પણ લઈ શકાય છે.

## સંગીત નાટક અકાદમીના સ્થાપના દિને સાંસ્કૃતિક કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૧

રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગની ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગર દ્વારા અકાદમીના સ્થાપના દિનની ઉજવણી નિમિત્તે તા. ૧૭મી મે ના રોજ રાત્રે ૯ કલાકે જયશંકર સુંદરી હૉલ, રાયખડ, અમદાવાદ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમ અંતર્ગત 'કલ કે કલાકાર' કાર્યક્રમના પસંદગી પામેલાં કલાકાર રેના લીંબાચિયા દ્વારા કથ્થક નૃત્ય, ગૌરવ પુરસ્કૃત મહેશ શાસ્ત્રી દ્વારા હાસ્યરસ અને ભૂમિક શાહ તથા વૃંદ દ્વારા લોક સંગીત, સુગમ સંગીત પ્રસ્તુત કરવામાં આવશે. આ વિવિધતાસભર કાર્યક્રમ માણવા કલાપ્રેમીઓને પધારવા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ અંગેનાં નિમંત્રણ કાર્ડ ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગર તેમજ લલિતકલા ભવન, પં. રવિશંકર રાવળ કલા ભવન, લૉ ગાર્ડન, અમદાવાદ ખાતેથી મળી શકશે એમ અકાદમીના સચિવ ડૉ. પ્રદીપ આઝાદની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# મેડીકલ-પેરામેડીકલના પ્રવેશ માટે ૨૪મીથી ફોર્મ વિતરણ

અમદાવાદ, તા.૧૧

રાજ્યની મેડીકલ અને પેરામેડીકલ અભ્યાસક્રમની કોલેજોમાં પ્રવેશ માટેની પ્રક્રિયાનો ૨૪મી મેથી

**૭મી જૂન સુધી ફોર્મ વિતરણ, ૨૯-૧૪ જૂન સુધી ફોર્મ સ્વીકારાશે : ફોર્મ ફી ૧૭૦: મેડીકલમાં ૫૫૦ સીટ વધશે**

પ્રારંભ થશે. રાજ્યની નિયત કરેલી એક્સીસ બેંકની ૪૮ બ્રાન્ચમાંથી ૨૪મી મેથી ફોર્મનું વિતરણ થશે. જે ભરી બીજે મેડીકલ કોલેજ ખાતે જમા કરાવવાનું રહેશે. હાલ મેડીકલ અને પેરામેડીકલમાં કુલ ૭૯૬૩ બેઠકો છે. ધો.૧૦ સાયન્સનું પરિણામ જાહેર થઈ ગયા બાદ મેડીકલ અને પેરામેડીકલ પ્રવેશ મિતિની આજ રોજ મળેલી બેઠકમાં પ્રવેશ પ્રક્રિયાનો કાર્યક્રમ નક્કી કરી વેબસાઈટ પર જાહેર કરવામાં આવ્યો છે. પ્રવેશ સમિતિએ જાહેર કરેલી પ્રવેશ પ્રક્રિયા મૂજબ આગામી ૨૪મી મેથી રાજ્યની નિયત કરેલી એક્સીસ બેંકની ૪૮ શાખામાંથી ૨૪મી મેથી પ્રવેશ ફોર્મનું વિતરણ થશે. પ્રવેશ ફોર્મની કિંમત રૂપિયા ૧૭૦ નક્કી કરાઈ છે. પ્રવેશ ફોર્મનું વિતરણ ૭મી જૂન સુધી થશે. જ્યારે ફોર્મ સ્વીકારવાની પ્રક્રિયા બીજે મેડીકલ કોલેજ સ્થિત એડમીશન કમિટી ખાતે ૨૯મી મેથી થશે. જે ૧૪મી જૂન સુધી ચાલશે. ફોર્મ સ્વિકારવાનો સમય જાહેર રજા અને રવિવાર સિવાય સવાર ૧૧થી ૧૨ અને બપોર ૩થી ૫ દરમિયાન રહેશે.

હાલ મેડીકલ અને પેરામેડીકલમાં કુલ ૭૯૬૩ બેઠકો છે. જેમાં મેડીકલમાં સરકારી કોલેજોની ૯૮૦ બેઠકો, ખાનગી કોલેજોની ૧૨૫૦ બેઠકો મળી ૨૨૩૦ બેઠકો છે. આમા પાટણ, ગાંધીનગર અને વલસાડ મેડીકલ કોલેજની મજૂંરી પાઈપલાઈનમાં છે. આ કોલેજોને મજૂંરી મળી જશે તો પ્રત્યેક કોલેજની ૧૫૦ બેઠકો લેખે કુલ ૪૫૦ બેઠકો ઉપરાંત રાજકોટ સરકારી અને ભાવનગર સરકારી કોલેજોની ૫૦-૫૦ બેઠકો મળી ૧૦૦ બેઠકો સાથે કુલ ૫૫૦ બેઠકો વધશે. આ ઉપરાંત ડેન્ટલમાં સરકારી ૧૪૦ બેઠકો અને ખાનગી ૮૫૫ બેઠકો મળી કુલ ૯૯૫ બેઠકો છે. ફિઝીયોથેરાપીમાં સરકારી ૩૬૦ બેઠકો અને ખાનગી ૯૪૦ બેઠકો મળી ૧૩૦૦ બેઠકો છે. નર્સીંગમાં સરકારી ૩૫૦ બેઠકો અને ખાનગી ૬૬૫ બેઠકો મળી ૧૦૧૫ બેઠકો છે. આર્યુવેદીકમાં સરકારી ૧૮૦ બેઠકો, યુનિવર્સિટીની ૪૦ બેઠકો, ગ્રાન્ટીનેડ ૮૫ બેઠકો અને ખાનગી ૧૫૦ બેઠકો મળી કુલ ૪૫૫ બેઠકો છે. હોમીયોપેથીકમાં ગ્રાન્ટીનેડ ૪૦૦ બેઠકો, સેલ્ફફાયનાન્સ ૧૧૨૫ બેઠકો મળી ૧૫૨૫ બેઠકો છે. જ્યારે ઓપ્ટોમેટ્રીકમાં ખાનગી કોલોજેની ૯૦ બેઠકો, ઓર્થોટીકમાં સરકારી કોલેજોમાં ૧૦ બેઠકો, નેચરોપેથીમાં ખાનગી કોલેજોમાં ૩૦ બેઠકો અને ઓડીયોલોજીમાં ખાનગી કોલેજોમાં ૩૩ બેઠકો છે. ઉપરોક્ત કુલ ૭૯૬૩ બેઠકો માટે પ્રવેશ પ્રક્રિયા હાથધરાશે.

## ગુરૂબ્રાહ્મણ સમાજનું ગૌરવ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરનાં નિવાસી સાહિત્યકાર અને પૂર્વ ધારાસભ્ય



ચંદ્રાબોના શ્રીમાળીની પૌત્રી કુ. રાજવી હિમાંશુ અમીને ધોરણ-૪ અંગ્રેજી માધ્યમમાં ૯૯.૨૭ ટકા પરિમામ પ્રાપ્ત કરી નાણાવટી ઈંગ્લિશ મિડીયમ સ્કૂલમાં સૌથી વધારે ગુણ પ્રાપ્ત કર્યા છે. પરિવારજનો તરફથી રાજવીને અભિનંદન પાઠવાયા છે. ઉલ્લેખનીય છે કે રાજવી આ નાની વયથી જ વાર્તાઓ લખવાનું કૌશલ ધરાવે છે.

# નોખી માટીના અનોખા શ્વાનપ્રેમી : ભાસ્કરરાય વૈદ્ય

કાળઝાળ મોંઘવારીમાં કેવળ એક કમાનાર અને એકવીસ ખાનાર હોય તેવા પરિવારને ત્યાં તાજેતરમાં જવાનો પ્રસંગ બન્યો. બે-ચાર અતિથિઓને પાંચ-પંદર દિવસ સુધી સાચવી લેવાના હોય તો સમજ્યા, અહીં તો બાર-બાર અતિથિઓએ મોં બગાડયા સિવાય, બલ્કે હસતામુખે, જાતે જ રાંધીને આ મહેમાનોને સવાર સાંજ ભાવતી વાનગીઓ પ્રેમભાવથી જમાડી રહ્યા છે. આ અનોખા યજમાનનું નામ છે ભાસ્કરરાય વૈદ્ય. મૂળ વતન ભુજ. હાલ આપણા ગાંધીનગરનાં સેકટર:૩-એ ન્યુ માં



કારણ એ છે કે ભાસ્કરરાયને ખુદનો પરિવાર જ નથી! તેઓ બાળ બ્રહ્મચારી છે. મેં તેમની ઉમર પૂછી. એક પળના ય વિલંબ વિના મને કહી દીધું, ૭૭ વર્ષ અને ૧૦૨ દિવસ! અવસ્થા હતી પણ દિવસો ગણવા પડે તેવી તેમની સ્થિતિ નહોતી, કદાચ દિવસો ગણવાનો તેમને શોખ હતો ! જીવનને માપવાની અને પળેપળ માણવાની તેમની આ આગવી રીત મને તો ગમી !

હું મળ્યો ત્યારે લન્ચ અવર ચાલતો હતો. બેઠકખંડની વચ્ચોવચ્ચ એક મોટી કાથરોટમાં બાજરીનો લોટ હતો. મહેમાનો માટે રોટલા ઘડાતા હશે તેવું અનુમાન બંધાયું. હાજર રહેલા એક મહેમાને ભસીને મારું સ્વાગત કર્યુ. ભાસ્કરરાયે સ્પષ્ટતા કરી કે એ તમને ઓળખી રહી છે, કરડશે નહીં. થોડી મિનિટો મને સૂંઘવાની પ્રક્રિયામાં ગઇ અને પછી ઓળખાણ થઇ ગયાની ખાતરી સાથે કાળીએ ભસવાનું બંધ કર્યું. જમવાનું પીરસાયું. પણ આજે કાળીનો લાડ કંઇ જૂદો જ હતો. ભાસ્કરરાય ઉભા થયા, અંદરના ઓરડામાં રહેલા ફ્રીજનું બારણું ખોલી દૂધની એક કોથળી લઇ આવ્યા, રોટલાના ભૂક્કામાં દૂધ રેડાયું અને કાળી રાજીરાજી થઇ ગઇ. ભાવતાં ભોજન મળ્યાં, કાળી પેટ ભરીને પરસાળમાં જ આડી પડી ત્યાં જ ચોવીસે કલાક ખુલ્લાં રહેતા ઘરના દ્વારેથી એક મહાકાય મહેમાન જાણે પોતાના બાપનું ઘર હોય તેવી અદાથી પ્રવેશ્યા અને બેઠકખંડની વચ્ચોવચ્ચ રાજવી ઠાઠથી આડા પડયાં. એ કૂતરાનું નામ પ્રભુ. પ્રભુ મને એક યુવાન સિંહથી સહેજ પણ ઉતરતો ન લાગ્યો. તેની તંદુરસ્તીનું કારણ ભાસ્કરરાયનો લાડકોડ જ

**આગવો માણસ - આપણો માણસ**
gsrelation@yahoo.com
- કિશોર જીકાદરા

હશે તે સમજી શકાય તેવું હતું. કાળી, ભભ્ભુ, ભાઇ, લાલી, કાળો, કબરી, કબરો અને બીજા અનેક નામી અનામી કૂતરાઓ એટલે ભાસ્કરરાય વૈદ્યનો પરિવાર! આમાંનો એકપણ શ્વાન વિદેશી નસલનો કે પાળતુ નથી, તમામ સ્ટ્રીટ ડોગ્સ છે. ભાસ્કરરાય વૈદ્યનો આ અનોખો શ્વાનપ્રેમ તેને સામાન્ય માણસમાંથી આગવા માણસ બનાવી શકે તેટલી ઉંચાઇએ પહોંચ્યો છે.

ખાતાના વડાની કચેરીઓ ૧૯૮૪માં ગાંધીનગર તબદીલ થઇ ત્યારે ભાસ્કરરાય પણ ગાંધીનગર રહેવા આવ્યા. અભ્યાસ : એમ.એ.(ગુજરાત) એમ.એ. (પંજાબ) અને સ્પેશ્યલ એલ.એલ.બી. શિક્ષણ નિયામકની કચેરીમાંથી ૧૯૯૫માં સેવાનિવૃત્ત થયા. ૧૯૮૪થી શરૂ થયેલો ખંડ સમયનો શ્વાનપ્રેમ તેમની વયનિવૃત્તિ બાદ પરવાન ચડયો. એક એક કરતાં પૂરા એકવીસ કૂતરાઓના ભરણપોષણની જવાબદારી તેઓએ સ્વૈચ્છિક રીતે સ્વીકારી લીધી. આ એકવીસ શ્વાન પૈકી ૧૨ શ્વાનની ટોળકી સવાર-સાંજ તેમના ઘરે આવીને રોટલા ખાઇ જાય છે અને બાકીના નવની ટોળકીને તેઓ બાજુની ઝૂંપડપટ્ટી વિસ્તારમાં જઇને એકવાર રોટલા ખવડાવી આવે છે. અહીં રોટલા એટલે કેવળ રોટલા સમજવાની ભૂલ રખે કરતાં! શ્વાન માટેનું ભોજન તૈયાર કરવાની સામગ્રી એટલે પાર્લેના બિસ્કીટના કકડાઓ, પૌંઆ, ગુજરાત-૧૭ ચોખાની કણકી, ઘઉંનો લોટ, ખાંડ, ગોળ,માલ્ટેડ મિલ્ક વીથ કોકો, દૂધ વિગેરે. ટૂંકમાં જે સામગ્રી ભાસ્કરરાય પોતાના ભોજન માટે વાપરે તે જ સામગ્રી કૂતરાના ભોજન માટે પણ વાપરે. કોઇ ભેદભાવ નહી કોઇ વારોતારો નહીં! અને હોય પણ શું કામ ? આ શ્વાનો પણ તેમના પરિવારજનો જ છે ને? અનુભવે તેમને શ્વાનના ખોરાકની પસંદ નાપસંદની ખબર પડવા માંડી. શ્વાનો ખારાં કે મોળાં બિસ્કીટ ન ખાય એટલે મીઠાં બિસ્કીટ કચ્છથી મંગાવે. બિસ્કીટ બનાવતી કંપની પાસેથી બનાવટ દરમિયાન તૂટેલા બિસ્કીટ જથ્થાબંધ ભાવે ખરીદી લે. કયારેક બિસ્કીટ, કયારેક બાજરીના રોટલા, કયારેક ઘઉંની ભાખરી તો કયારેક ચોખા કે પૌઆની વાનગી બને. મહેમાનોને લૂખું ભોજન તો કેમ પીરસાય? એટલે રોજની ૧૫ જેટલી દૂધની કોથળીઓ વપરાય! શ્વાનની ભૂખ અને તેની રસરૂચિના તેઓ અચ્છા જાણકાર છે. એક કિલો પૌંઆ, ૨૦૦ ગ્રામ ખાંડ, ૫૦-૬૦ ગ્રામ તેલ બે કોથળી દૂધ અને એક લીટર પાણીથી તેઓ શ્વાનોને ભાવતી એક અનોખી વાનગી પણ બનાવી જાણે છે. કયારેક માલ્ટેડ મિલ્ક વીથ કોકોનું એક પેકેટ નાંખીને રાબ પણ બનાવે છે. બન્ને ટાઇમ મોટા મોટા ૧૨ રોટલા બનાવે છે. એકાદ કલાક રોટલા ઘડવામાં જાય છે. રોટલા પોચા કરવા તેમાં તેલનું મોણ નાંખે છે. ત્રણેક બિલાડીઓ પણ આવતી થઇ છે. બિલાડી રોટલો ન ખાય એટલે તેને બાંધેલો લોટ દેવો પડે. કોઇ કૂતરો ખાય નહીં એટલે એવા તારણ ઉપર આવે કે તેની તબીયત બરાબર નથી. આ પ્રસંગે કાં તો ડૉકટરને ઘરે બોલાવે અથવા માંદા કૂતરાને દવાખાને પણ લઇ જાય! તેમણે અનુભવે નોંધ્યું છે કે, તેમના ઘરે આવતા કૂતરા મોટેભાગે એક જ પરિવારના છે. આ કૂતરાઓ પોતાના પરિવાર સિવાયના કૂતરાને ઘરમાં આવવા દેતાં નથી. લોહીની સગાઇ જેવું થોડુંઘણું કૂતરામાં પણ ખરું! કયારેક કોઇ કૂતરું મરવા જેવું થાય તો તેને ઘરમાંથી બહાર કાઢતા નથી, ઘરમાં મરવા દે છે. ઉપડે તેવું હોય તો ખુદ ઉપાડે અન્યથા નોટીફાઇડ (હવે કોર્પોરેશન)ને જાણ કરે.આવા સમયે લોકોના નાકનું ટીચકું ચઢી જાય, સમાજ દ્વારા કવચિત અછૂત જેવો વર્તાવ થાય, ભલે થાય, પરવા નથી. અનેકવાર કૂતરીઓની સુવાવડ તેમણે તેમના ઘરમાં કરાવી છે. કયારેક લોકો પોતાના પાળેલા કૂતરાની તબીયત જોવા માટે બોલાવે તો પણ તેઓ જાય છે.ખુદ જાણે છે કે સ્ટ્રીટ ડોગનો શો ભરોસો? કયારેક બચકું પણ ભરી લે! પણ વાંધો નહીં, એન્ટીરેબીઝના રૂ.૨૦૦નું એક એવા ત્રણ ઈન્જેકશનો પણ લઇ લે.

ભાસ્કરરાયને રૂ.૧૭૫૦૦ જેવું પેન્શન મળે છે. મહિને ૭૫૦૦ રૂપિયા દૂધના અને ૩૦૦૦ રૂપિયા ખોરાકના એમ મળી રૂ. ૧૦૫૦૦ જેટલી રકમ એટલે કે પેન્શનની લગભગ ૭૫ ટકા રકમ શ્વાન પાછળ ખર્ચે છે. ઉપરાંત દવાદારૂનો ખર્ચ અલગ! વધતી જતી મોંઘવારી વચ્ચે શ્વાનપ્રેમની જાળવણી પાછળ કદાચ પૂરું પેન્શન વપરાય જાય તો પણ વાંધો તેમને નથી એમ કહેતા ભાસ્કરરાયની આંખો વધુ બેફિકર થાય છે. ૭૭ વર્ષની જૈફ વયે આંખોનું નૂર ૧૦ ટકા જેટલું બચ્યું છે, કાને પણ દગો દીધો છે. પણ હૃદય સાબૂત છે એટલે શ્વાનની સેવા કરવામાં શરીરના અન્ય અંગોની નબળાઇઓ નડી શકી નથી. એક કૂતરીને જલોદરનો રોગ થયો હતો. ખાનગી પશુ ડૉકટરને માંગે તે ચાર્જ આપી, ઘરે બોલાવી ત્રણેકવાર પાણી ખેંચાવ્યું છે. નવાઇની વાત તો એ છે કે આજસુધી કોઇ કૂતરાએ તેના ઘરમાં સંડાસ-પેશાબ કરેલ નથી. હા, બીમાર હોય તો જૂદી વાત છે!

ધી એનિમલ બર્થ કન્ટ્રોલ(ડોગ્સ) એકટ ૨૦૦૧ અન્વયે જિલ્લાકક્ષાની પ્રાણી અત્યાચાર સમિતિના તેઓ સભ્ય છે. આ કમિટી બે-ચાર મહિને મળે છે. જો કે બહુ કામ થતું હોય તેવું તેમને લાગતું નથી. કૂતરાની વાઝેકટોમી અને ટ્યૂબેકટોમી પછી લેવાવી જોઇએ તેવી સારસંભાળ લેવાતી નથી. બેમિસાલ શ્વાનપ્રેમ છતાં, કૂતરાની વધતી જતી વસ્તી અંતે તેઓ પણ ચિંતીત છે. તેઓ ખસીકરણના આગ્રહી છે.

એકલપંડે, ૭૭ વર્ષે, કોઇના સાથ વગર, ખુદના ખર્ચે અને સમાજની પરવા કર્યા વગર પાગલપણાની હદ સુધી જઇને કૂતરાં પાછળ પોતાનું જીવન સમર્પિત કરી દેનાર આ અનોખા શ્વાનપ્રેમીને સો સો સલામ!!!